# શિશુ અવસ્થાના બાળકને ઓળખીએ....

બાળક પ્રાથમિક શાળામાં આવે તે પૂર્વે બાલમંદિરમાં અભ્યાસ કરાવવામાં આવે છે. આ વખતે તેની ઉંમર પાંચ વર્ષથી ઓછી હોય છે. અહીં આપણે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની વિશેષતાઓ વિશે વાત કરીશું. આવા બાળકોની અવસ્થાને આપણે શિશુ અવસ્થા તરીકે ઓળખીશું. જેથી શિક્ષકો અને માબાપ તે પ્રમાણે બાળકનું ઘડતર કરી શકે.

આ અવસ્થામાં બાળકની ઉંમર પાંચ કે છ વર્ષથી ઓછી હોય છે. આ અવસ્થા દરમિયાન બાળકનો શારીરિક વિકાસ ખૂબ જ ઝડપથી થતો હોય છે અને સાંવેગિક તેમજ માનસિક વિકાસનો પ્રારંભ થતો હોય છે. આ ઉપરાંત તેનો સામાજિક વિકાસ પણ આ ઉંમરે સામાન્ય રીતે થતો હોય છે.

આ અવસ્થાના બાળકોનું મન ખૂબ જ ચંચળ હોય છે. જેથી તે વાત કરતાં કરતા પણ ક્યાંક ફંટાઇ જાય છે. તેને એકની એક પ્રવૃત્તિ ગમતી નથી. માટે જ નાના બાળકોને એક સાથે અનેક રમકડાં રમવા આપશો તો તે થોડા જ સમયમાં બધાં જ રમકડાં રમીને એક બાજુ ફેંકી દેશે. માટે જ નાના બાળકોને એકપછી એક રમકડાં રમવા આપશો તો વધુ સમય સુધી તેઓ રોકાયેલા રહે છે. આ અવસ્થાના બાળકોનું સંપૂર્ણ વર્તન તેમની જરૂરિયાત સંતોષવા માટે જ હોય છે. માટે જ તેમને ચોકલેટ આપશો તો તેાે લઇ લેશે, પણ પાછી માંગતા તે પરત આપશે નહીં. તેમને તમારી પાસે બોલાવવા તેમની ગમતી વસ્તુ બતાવીને બોલાવશો તો તેાે તરત જ તમારી પાસે આવી જશે. નાના બાળકના હાથમાંથી કોઇ વસ્તુ લઇલેસો તો તે તરત જ રડવા લાગે છે. કારણકે તેમને પોતાની વસ્તુ બીજાને આપવી ગમતું હોતું નથી. આ અવસ્થાના બાળકો વધારે પ્રમાણમાં કલ્પનાશીલ હોય છે. તેઓને પરીની વાર્તા કે અન્ય ભૂતપ્રેતની વાર્તા સાંભળવી ખૂબ જ ગમે છે. તેઓને કલ્પના વિહાર કરવો ગમે છે. તેમની દુનિયા અલગ પ્રકારની હોય છે.

નાની ઉમંરના બાળકો વાતાવરણ સાથે ઝડપથી અનુકૂલન સાધી શકતા નથી. માટે જ તેઓ ઝડપથી બિમાર પડે છે, એટલું જ નહીં આ ઉંમરના બાળકોને કોઇનો સહવાસ જોઇએ જ છે. તેાેને એકલા ઘરમાં મૂકીને બહાર જશો તો તેઓ રડવા લાગશે. કારણકે તેાે જે તે વાતાવરણ પ્રમાણે અનુકૂળ થયા હોતા નથી. તેઓમાં સારાસાર કે નિર્ણયશક્તિનો અભાવ હોય છે. તેઓ પોતાને ગમતું જ કરતા હોય છે. અન્ય પર તેમના વર્તનની શું અસર થશે તેનો વિચાર કરવાની શક્તિ તેમનામાં હોતી નથી. તેઓ જાતે કોઇ નિર્ણ્ય લઇ શકતા નથી. તેમને તો તેમના મમ્મી-પપ્પા કહે તે જ તેમની દુનિયા હોય છે.

આ ઉમરના બાળકોમાં પ્રબળ અનુકરણ શક્તિ હોય છે. બાળકો બોલતા શીખે છે તે પણ તેમના ઘરના સભ્યોનું સાંભળીને જ બોલે છે. તેાે જાતે કોઇ નિર્ણય લેવા શક્તિમાન ન હોવાથી બીજાનું જોઇને વર્તન કરે છે. તેઓ કઇ બાબત સાચી કે સારી છે તે નક્કી કરી શકતા નથી. તેઓ બીજાનું જોઇ કે સાંભળીને જ પોતાનું વર્તન કરે છે. માટે જ કોઇ બાળક સારું છે કે ખરાબ છે તેમ કહીએ તો તેમાં બાળકનો કોઇ જ વાંક હોત નથી, તેને તો બીજાનું જોઇને વર્તન કરેલ હોય છે. માટે જો કોઇ વાંક કાઢવો હોય તો તેના વડિલોનો વાંક કાઢી શકાય કે તેમણે એવું તે કેવું વર્તન કર્યું કે તે જોઇને પેલું બિચારું બાળક પણ ખોટું વર્તન કરતાં શીખ્યું. શિશુ અવસ્થાના બાળકો ભૌતિક જરૂરિયાત માટે

પરાવલંબી હોય છે. તેઓને નાનામાં નાની કોઇ વસ્તુ જોઇતી હશે તો પણ તેઓ તેમના મમ્મી-પપ્પા પાસે માંગશે. જો મમ્મી-પપ્પા તેની જરૂરિયાત નહીં સંતોષે તો તે તરત જ રડવા લાગશે, જમીન પર સૂઇને આળોટવા પણ લાગે. તેને તો બસ પોતાની જરૂરિયાત પૂર્ણ કરવી છે. તેનામાં સારાનરસાનો કોઇ ભેદ હોતો નથી. તમે તેને મારશો કે લડશો તો પણ તે પોતાની જરૂરિયાત માટે મક્કમ રહેશે. આ ઉપરના બાળકોમાં સ્વાર્થવૃત્તિ ભરપૂર હોય છે. તમે તેની પાસેથી કોઇ વસ્તુ લઇ શકશો નહીં. તમે જ આપેલી વસ્તુ પરત માંગશો તો પણ તે નહીં આપે. આમ કરે તો આપણે તેને હઠાગ્રહી કે જબરો છે તેમ કહીંએ છીએ. પન હકીકતમાં આ તો તેનો સાહજિક સ્વભાવ છે. તેઓનું વર્તન ખૂબ જ આવેગયુક્ત હોય છે. તેઓ ખૂબ જ ઓછા સમયમાં તેમના આવેગમાં ફેરફાર કરી શકે છે. રડતું બાળક એકાએક હસવા લાગશે, કે હસતું બાળક એકાએક રડવા લાગે છે. આ ઉંમરના બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ ભરપૂર હોય છે. તેઓને નવી નવી વસ્તુ રમવી ગમે છે. તેમની સામે મૂકેલી વસ્તુ થોડો સમય રમીને તેઓ તોડીને તેના ભાગોનું નિરીક્ષણ કરે છે. અહીં તેમને વસ્તુ તોડવાની ઇચ્છા હોતી નથી, પણ તેમાં શું છે અને કેવું છે તે જાણવાની પ્રબળ ઇચ્છા હોય છે. આવા નાના બાળકો એકાંતપ્રિય હોય છે. તેઓને એકલા રમવાનું વધુ ગમે છે. જો એક કરતાં વધુ બાળકો સાથે રમતા હશે તો તેમની વચ્ચે અવશ્ય ઝઘડો થશે જ. કારણ કે પોતાની વસ્તુ અન્ય કોઇ લે તે તેમને ગમતું હોતું નથી. માટે જ તેઓ એકલા રમવાનું પસંદ કરે છે. બાળક આવું કરે તો તે માનસિક રીતે વિકૃત છે તેમ માનવાની જરૂર નથી.

આ અવસ્થાના બાળક પાસે આવી કોઇ અપેક્ષા રાખી શકાય. જેમકે....ચાલતાં શીખે, ખોરાક પોતાની જાતે ખાતાં શીખે, સ્પષ્ટ રીતે બોલતાં શીખે, કુદરતી હાજતો પર નિયંત્રણ રાખે, શારીરિક સમતોલન કેળવે, પોતાના કુટુંબના સભ્યો પ્રત્યે ભાવાત્મ સંબંધ સ્થાપે.

આમ ઉપરોક્ત લક્ષણો જાણ્યા પછી બાળકના અમુક લક્ષણ કે વર્તનથી માબાપે દુ:ખી થવાની જરૂર નથી. તે લક્ષણ સાહજિક છે તેમ માનીને સ્વીકારવું જોઇએ. આવા લક્ષણો મા-બાપ જાણતા હશે તો પોતાના બાળક પાસે ખોટી અપેક્ષા નહીં રાખે અને તેના ચોક્કસ વર્તનથી તેઓ દુ:ખી પણ નહીં થાય. **નાના બાળકોને સમજવા જોઇએ. તેમની પસંદ નાપસંદ જાણવી જોઇએ. તેમજ તેમના શારીરિક અને માનસિક વિકાસને ઓળખવો જોઇએ. જો આમ થશે તો દરેક માબાપ પોતાના બાળકનો સાચા અર્થમાં અને સાચી દિશામાં વિકાસ કરવામાં સહભાગી થઇ શકશે, નહીં તો તેના વિકાસ માટે અવરોધક પરિબળ પણ બની શકે છે.**